દાખલ તારીખ –૧૩–૧૦–૨૦૨૨
નોંધ્યા તારીખ –૧૩–૧૦–૨૦૨૨
ફેંસલ તારીખ –૧૩–૦૨–૨૦૨૩
સમયગાળો –વર્ષ–માસ–દિવસ

**જેતપુરનાં મહે. એડી.ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુકામ–જેતપુર.**

**ક્રિમીનલ કેસ નંબર–૩૩૭૫/૨૦૨૨**
**આંક–૧૩**

**ફરિયાદી –** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી –** કમળાબેન વા./ઓ.બટુકભાઈ વાલેરા,
રહે. પેઢલા ગામ, તા. જેતપુર.

**ગુન્હો– પ્રોહી એકટની કલમ ૬૫ (એ) (એ) મુજબ...**

---

ફરીયાદ પક્ષેઃ– વિદ્વાન એ.પી.પી. શ્રી
આરોપી પક્ષેઃ– વિદ્વાન વકીલશ્રી જે.એસ.મકવાણા

---

**જ જ મે ન્ટ**

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મોજે પ્રોહી પ્રતિબંધક એરીયામાં આ કામની આરોપી મહીલાએ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગે.કા.પાસ પરમીટ કે આધાર વગરનો દેશી દારૂ લિટર ૦૬, કિ.રૂ.૧૨૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ) (એ) મુજબનો ગુન્હો કરેલ છે, જે બાબતની ફરીયાદ ફરીયાદીએ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં પાર્ટ સી પ્રોહી ગુ.ર.નં.૧૧૨૧૩૦૨૩૨૨૦૨૮૯/૨૦૨૨ થી

જાહેર કરેલ છે. ત્યારબાદ તપાસના અંતે તપાસ કરનાર અધિકારીએ આંક–૧ મુજબનું ચાર્જશીટ મહે.એડી.ચીફ જયુ.મેજી.સાહેબશ્રીની કોર્ટમાં કરેલ.

(૨) માનનીય નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તાજેતરમાં R/CRIMINAL MISC.APPLICATION NO. 8892 Of 2018 ના ચુકાદામાં પેરા નં.૧૦ માં એવું ઠેરવવામાં આવેલ છે કે, "The result of the above discussion is that: (01) by repeal of Section 115, the Magistrate is not denuded of his jurisdiction to try the case" ને ધ્યાને રાખી આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હા સંબંધી ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે. ચાર્જશીટ બાદ આરોપીને ધોરણસર સમન્સની બજવણી કરવામાં આવતા આરોપી અદાલતમાં હાજર થયેલા. આરોપીને ક્રિ.પ્રો.કોડ કલમઃ ૨૦૭ મુજબ તપાસના કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલી અને ગુના વિશે સમજ કરી, આંક-૦૪ થી આરોપી વિરૂધ્ધ તહોમતનામું ફરમાવી આંક-૦૫ આરોપીની પ્લી નોંધતા આરોપી દ્વારા ગુનો કર્યાનો ઈન્કાર કરવામાં આવેલ છે. જેથી ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામમાં ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના પુરાવા રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચ સાહેદ–હર્ષદભાઈ પ્રતાપભાઈની જુબાની | ૦૭ |
| ૨ | પંચ સાહેદ–કીરીટભાઈ કેશવભાઈની જુબાની | ૦૯ |
| ૩ | સાહેદ–ચેતનભાઈ દીલીપભાઈ ઠાકોરની જુબાની | ૧૦ |

**દસ્તાવેજી પુરાવા**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૦૮ |
| ૨ | ફરીયાદ | ૧૧ |

ક્રિ.પ્રો.કો.કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,

જેમાં તેઓએ ફરીયાદપક્ષના કેસની મહત્વની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને વિશેષમાં તેમની સામે ખોટો કેસ કરેલાનું જણાવેલ છે અને ત્યારબાદ બંને પક્ષના વિ.વ.શ્રી ઓની દલીલો સાંભળી.

(૪) આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– **મુ દ્દા** –

**મુદ્દા નં.૧)** શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૯/૦૪/૨૦૨૨ ના રોજ મોજે પ્રોહી પ્રતિબંધક એરીયામાં આ કામની આરોપી મહીલાએ પોતાના કબ્જા ભોગવટાના રહેણાંક મકાને ગે.કા.પાસ પરમીટ કે આધાર વગરનો દેશી દારૂ લિટર ૦૬, કિ.રૂ.૧૨૦/– નો વેચાણ કરવાના ઈરાદે રાખી મળી આવી પ્રોહીબીશન એકટની કલમ ૬૫ (એ) (એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**મુદ્દા નં.૨)** શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓના મારાં નિર્ણયો નીચે મુજબ છે.

**મુદ્દા નં.૧)** – નકારાત્મક

**મુદ્દા નં.૨)** – આખરી હુકમ મુજબ.

**નિર્ણય માટેના કારણો**

(૬) **મુદ્દા નં.૧ અને ૨**

ફરીયાદપક્ષ તરફે આંક-૦૭ થી પંચ સાહેદ–હર્ષદભાઈ પ્રતાપભાઈ તથા આંક-૦૯ થી પંચ સાહેદ–કીરીટભાઈ કેશવભાઈ નાઓને તપાસવામાં આવેલ છે. સદરહુ પંચસાહેદો તેમની સરતપાસમાં તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું અને પંચનામું વાંચેલ નહીં તેમ જણાવેલ છે. વિ.એ.પી.પી.શ્રી ની વિનંતીથી સદરહુ પંચસાહેદોને

ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવો પ્રશ્ન પુછવાની પરવાનગી આપવામાં આવેલ હોવા છતાં તેમના પુરાવાથી ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકિકત ખુલવા પામતી નથી. ઉલટતપાસમાં સદરહુ પંચસાહેદે સહી કર્યા સિવાયની કોઈ જ હકિકતને સમર્થન આપેલ નથી સદરહુ પંચસાહેદોના પુરાવાથી પંચનામાની હકિકત નિઃશંકપણે સાબિત થયેલ માની શકાય નહીં. આમ, પોલીસની કાર્યવાહીને પંચની જુબાનીથી સમર્થન પ્રાપ્ત થતું નથી. આમ, ફરીયાદ પક્ષ પંચનામું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે.

(૭) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક-૧૦ થી સાહેદ–ચેતનભાઈ દીલીપભાઈ ઠાકોર નાઓને તપાસવામાં આવેલ છે. જેઓએ તેમની સરતપાસની જુબાનીમાં આંક-૧૧ થી રજૂ થયેલ ફરીયાદની હકિકતને સમર્થન આપતી હકિકત જણાવી પંચો રૂબરૂ તપાસ કરી પંચનામાની વિગતે દારૂ મુદ્દામાલ કબજે કરેલ તથા જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદીએ ફરીયાદ આપેલ હોવાનું જણાવેલ છે.

(૮) ફરીયાદપક્ષે રજૂ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરતા ફરીયાદપક્ષના કેસ અનુસાર જે પંચ સાહેદોની હાજરીમાં દારૂ કબજે કરેલ હોવાનું કથન થયેલ છે તે પંચ સાહેદો ઉપરોકત ચર્ચા કરી તે મુજબ આંક-૦૮ થી રજૂ પંચનામાની વિગતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. **નામદાર ગુજરાત હાઈકોર્ટે જીવાભાઈ ટી.વસાવા વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના** ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે પંચ સાહેદ પંચનામાની હકિકતોને સમર્થન આપે નહી ત્યારે પંચનામાની વિગતો અનુસાર ગુન્હો બનેલ હોવાનું શંકાસ્પદ બની જાય છે. ફોજદારી ન્યાય પ્રણાલીના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો શંકારહિત પુરવાર કરવાનો રહે છે. જો ફરીયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત થાય તો તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં રહે છે. આ કામે રજૂ થયેલ પંચનામાની વિગત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સફળ થયેલ નથી. આમ, ઉપરોકત ચર્ચા કરી તે તમામ હકિકત ધ્યાને લેતાં ફરીયાદ પક્ષ આરોપી સામે આક્ષેપવામાં આવેલ ગુનો

શંકા રહિત રીતે પુરવાર કરવામાં સફળ થયેલ નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે **સતીષ મહેરા વિ.દીલ્હી એડમીનીસ્ટ્રેશન ૧૯૯૬ (૩) ક્રાઈમ્સ સુપ્રિમ કોર્ટના પાના નં.૮૫** ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે ફરીયાદ પક્ષ દ્વારા રજૂ કરવામાં આવેલ પુરાવા ઉપરથી અન્ય પુરાવો નોંધવો યોગ્ય અને જરૂરી જણાતો ન હોય તેવા સંજોગોમાં અદાલતનો કિંમતી સમય વેડફાવો જોઈએ નહી. વધુમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા **સ્ટેટ ઓફ ગુજરાત વિ.સુરેશભાઈ એસ.પટેલનો** ચુકાદો કે જે **(૨૦૧૧) ૨૬ જી.એચ.જે. (૧)** ઉપર પ્રસિધ્ધ થયેલ છે તેમાં નામ.ગુજરાત હાઈકોર્ટે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદ પક્ષ દ્વારા ફરી ગયેલા સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદ પક્ષના પુરાવા ઉપર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહીં. વધુમાં ફરીયાદ પક્ષના કેસને કોઈ સ્વતંત્ર સાહેદના પુરાવાથી સમર્થન મળતું નથી ત્યારે માત્ર પોલીસ સાહેદોના પુરાવા ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં, **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ.એચ.ઈ.એલ. - એચ.સી. - પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ " જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.

(૯) ક્રીમીનલ કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાતો મુજબ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર કરવા જોઈએ પરંતુ આ કામે ફરીયાદપક્ષ તેમ કરવામાં સફળ થયેલ ન હોય આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય લાગતુ નથી. ફરીયાદ પક્ષ આરોપી વિરૂધ્ધ મુકવામાં આવેલ આક્ષેપો નિઃશંકપણે પુરવાર ન કરે ત્યાં સુધી આરોપીને દોષિત ઠરાવી શકાય નહી. આમ ઉપરોકત વિગતે કરેલ ચર્ચા મુજબ આરોપીને તેમના વિરૂધ્ધ મુકવામાં આવેલ તહોમતમાંથી છોડી મુકવા યોગ્ય

વ્યાજબી અને ન્યાયીક જણાય છે. જેથી મુદ્દા નંબરઃ (૧) નો જવાબ નકારમાં આપી મુદ્દા નંબર (૨) અન્વયે છેવટનો હુકમ નીચેની વિગતે કરૂ છું.

**– હુકમ –**

(૧) ક્રિ.પ્રો.કો.ક.૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી કમળાબેન વા./ઓ.બટુકભાઈ વાલેરા, રહે. પેઢલા ગામ, તા. જેતપુર નાઓને પ્રોહી એકટની કલમ ૬૫ (એ) (એ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ દારૂનો અપીલ સમય બાદ નિયમોનુસાર નિકાલ કરવો.

(૩) ફોજદારી કાર્યવાહી ધારાની કલમ ૪૩૭ એ અન્વયે આરોપીએ અગાઉના રજૂ થયેલ જામીનદાર જામીન તરીકે ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૩, માંહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ. જેતપુર<br>
તા.૧૩/૦૨/૨૦૨૩

એસ.ડી.ત્રિવેદી<br>
એડી.ચીફ જયુડી.મેજી.<br>
જેતપુર. કોડ નંબર–GJ–01104